આઝાદી નો અમૃત મહોત્સવ

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ
ગુજરાત રાજ્ય



માનનીય વડાપ્રધાન
# શ્રી નરેન્દ્રભાઈ મોદીની
પ્રેરક ઉપસ્થિતિમાં



# ગુજરાત ગૌરવ અભિયાન



રૂા.૨૧,૦૦૦ કરોડથી વધુના વિવિધ વિભાગના પ્રકલ્પોના
## શુભારંભ, ખાતમુહૂર્ત અને ઇ-લોકાર્પણ



રેલવે વિભાગના ૧૬ હજાર કરોડથી વધુના વિવિધ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત અને ઇ-લોકાર્પણ

પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ૧ લાખ ૪૧ હજાર આવાસોનાં ખાતમુહૂર્ત અને ઇ-લોકાર્પણ

'મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના'નો શુભારંભ

તમામ આદિજાતિ તાલુકા માટે 'પોષણ સુધા યોજના'નો શુભારંભ

ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલયનો શિલાન્યાસ

મધ્ય ગુજરાતના ૫ જિલ્લાઓમાં વિવિધ વિભાગોના કામોનાં ખાતમુહૂર્ત અને ઇ-લોકાર્પણ

તારીખ: ૧૮/૦૬/૨૦૨૨ | સમય: સવારે ૧૧:૦૦ વાગે | સ્થળ: લેપ્રસી ગ્રાઉન્ડ, આજવા રોડ, વડોદરા

CMOGuj CMOGuj CMOGujarat CMOGujarat

# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર


## દેશના વડાપ્રધાનના આદેશ પગલે સેન્ટ્રલ સેક્ટ્રરીએ મંત્રી કુંબેરભાઈ ડીંડોર સાથે માનગઢધામની મુલાકાત લીધી


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

ગુરૂ ગોવિદની પવિત્ર ભુમી માનગઢધામનો સંપૂર્ણ વિકાસ થાય તે માટે સંતરામપુરના ધારાસભ્ય ગુજરાત સરકારના શિક્ષણ મંત્રી કુંબેરભાઈ ડીંડોર દ્વારા દેશના વડાપ્રધાનને રૂબરૂ મળી માનગઢધામનો સર્વાંગી વિકાસ કરવામાં આવે દૂર દરાજ થી દેશના ખુણે ખુણે થી લોકો આવે ગુરૂ ગોવિદના સતકાર્યો, વીર સહાદને વ્હોરેલ વીર પુરૂષોની વીર ગાથા, આદિવાસીઓની જીવન શૈલી પ્રદર્શન નિહાળે અને માનગઢધામનું દેશ દુનિયામા નામ રોશન થાય માનગઢધામનો પ્રવાસન ધામ તરીકે પણ સંપૂર્ણ વિકાસ થાય તે માટે દેશના વડાપ્રધાનને રૂબરૂ મળી એક પ્રોજેકટ તૈયાર કરી આપવામાં આવ્યો હતો. ત્યાર બાદ માનગઢધામની બે મહિના અગાઉ જ ચુંટણી કમિશ્નર સહિત ગુજરાતની ટીમે મુલાકાત લીધી હતી. આજરોજ ફરી માનગઢધામ ખાતે ભારત સરકારના ટ્રાયબલ વિભાગના સેક્ટ્રરી અનિલ ઝા, ગુજરાત સરકારના ટ્રાયબલ વિભાગના સૂક્ટ્રરી મુરલી ક્રિશ્ના એ દેશના વડાપ્રધાનના આદેશ પગલે ગુજરાત સરકારના શિક્ષણ મંત્રી કુંબેરભાઈ ડીંડોર સાથે માનગઢધામની મુલાકાત લીધી હતી. મંત્રી કુંબેરભાઈ ડીંડોર અને સેન્ટ્રલ સેક્રેટરીએ માનગઢધામ ખાતે ગુરૂ ગોવિદની પ્રતિમાને પુષ્પ અર્પણ કરી ધુણીના દર્શન કરી માનગઢ ધામનું નિરીક્ષણ કર્યુ હતું. માનગઢ ધામનો સંપૂર્ણ વિકાસ કઈ રીતના થાય ટ્રાયબલ મેમોરીયલ, એક ડુંગર થી બીજા ડુંગરને જોડતો હેગિંગ પુલ, ટ્રાયબલની હાથ બનાવટની ચીજોનું ઉત્પાદન વેંચાણ, સહિત સર્વાંગી વિકાસ કઈ રીતના થાય તે માટે વિસતૃત ચર્ચા વિચારણા કરી માહિતી પુરી પાડવામા આવી હતી. આ પ્રંસગે મહિસાગર કલેકટર, ડીડીઓ અન્ય અધિકારીઓ અરૂણભાઈ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા.

## લુણાવાડા તાલુકાના કોંઠબા થી કૌશિયાના નવા બનેલ રસ્તાની સાઈડો પહેલા વરસાદમાં ધોવાતા હલ્કી ગુણવત્તાની કામગીરીના આક્ષેપ


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,

લુણાવાડા તાલુકાના કોંઠબા થી કૌશિયા ગુણેલી સુધીનો રસ્તો એક મહિના પહેલા બનાવવામાં આવ્યો છે અને હજી રસ્તાની કામગીરી ચાલુ છે. ત્યારે ચોમાસાના સામાન્ય વરસાદ સાથે સાઈડો ધોવાતા હલ્કી ગુણવતાની કામગીરી કરાયાને લઈ ગ્રામજનોમાં રોષ જોવા મળ્યો. લુણાવાડા તાલુકાના કોંઠબા થી કૌશિયા ગુણેલી સુધીનો રસ્તો જે એક મહિના પહેલા સાડા ત્રણ કરોડના માતબર ખર્ચે બનાવવામાં આવયો છે. હજી રસ્તાનું કામ અધુરું છે. તેવામાં ચોમાસાના સામાન્ય વરસાદ સાથે નવા બનેલા રોડની સાઈડો ધોવાઈ જવા લાગી છે. પુલના એપ્રોચ પર પણ હલ્કી ગુણવતાનો બનાવવામાં આવ્યો છે. પુલમાં વપરાયેલ હલ્કી ગુણવત્તાનું કરવામાં આવ્યું છે. રોડ અને પુલની હલ્કી ગુણવત્તાની કામગીરી કોન્ટ્રાક્ટર દ્વારા કરવામાં આવી હોય તેની રજુઆત ગ્રામજનો દ્વારા કરવા જતાં તંત્ર આંખ આડા કાન કરતાં હોવાનો ગ્રામજનો દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો.

## લુણાવાડા લકડી પોયડા ગામના આર્મી જવાન ઝાંસી જવા માટે ગોધરા રેલ્વે સ્ટેશન ખાતે આવી ગુમ થતાં પરિવારજનો ચિંતીત



લુણાવાડા,

લુણાવાડાના લક્ડી પોયડા ગામના આર્મી જવાના ગોધરા રેલ્વે સ્ટેશન ખાતેથી ઝાંસી (યુ.પી.) જવા નિકળીને કયાંક ગુમ થતાં જવાનના પરિવાર દ્વારા સોશ્યલ મીડીયાનો સહારો લીધો છે.

મહિસાગર લુણાવાડાના લકડી પોયડા ગામના આર્મી જવાન વતનમાં આવેલ હોય અને ઘરેથી ઝાંસી ઉત્તર પ્રદેશ જવા માટે ગોધરા રેલ્વે સ્ટેશન ખાતે આવેલ જવાનનો સંપર્ક નહીં થતા પરિવારજનોએ ગોધરા રેલ્વે પોલીસ અને પ્રસાશનની મદદ ન મળતાં ચિંતામાં મુકાયેલા આર્મી જવાનના પરિવાર દ્વારા આર્મી જવાનની ભાળ મેળવવા સોશ્યલ મીડીયાનો સહારો લીધો છે.

## ગોધરા નીલમ લોઝ પાસે આવેલ દુકાનમાં તસ્કરોએ હાથફેરી કરી

ગોધરા,

ગોધરા શહેરના નીલમ લોઝ પાસે આવેલી એક તેલની દુકાનમાંથી અજાણ્યા તસ્કરોએ હાથ ફેરો કરતા કુલ ૫૮,૭૮૦ રૂ.ના તેલના બોક્સ તેમજ ડબ્બા ની ચોરી કરી ગુન્હો કરતા આ મામલે દુકાન માલિક દ્વારા ગોધરા શહેર બી ડિવિજન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ફરિયાદ નોધી વધુ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

ગોધરા શહેરના અતિ વ્યસ્ત ગણાતા વિસ્તાર એવા સ્ટેશન રોડ પર આવેલી નીલમ લોઝ પાસેની ન્યુ બેસ્ટ ઓઈલ ડેપો નામની દુકાનમાંથી તેલના બોક્સ તેમજ ડબ્બાની ચોરી થઈ હોવાનો બનાવ બનવા પામ્યો છે. ત્યારે તેલના દુકાન માલિક અબ્બાસ સૈકુદ્દીન મીઠીબોરવાલાએ ગોધરા શહેર બી ડિવિજન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે કોઈક અજાણ્યા તસ્કરો એ તેમની તેલની દુકાનમાંથી તા.૧૦-૧૧ જૂન માં કોઈપણ સમયે હાથ ફેરો કરતા વેજીટેબલ ઓઈલ નાં ૯ ડબ્બા રૂ.૨૧,૬૦૦,સરસિયું તેલના ૬ બોક્સ રૂ.૧૧,૩૦૦,સીંગતેલના ૫ બોક્સ રૂ.૧૦,૦૦૦, કપાસિયા તેલનાં ૨ બોક્સ તેમજ ૧૫ લિટર નાં ૪ ડબ્બા રૂ.૧૫,૮૮૦ એમ મળી કુલ ૫૮,૭૮૦ રૂ.નાં મુદ્દામાલ ની ચોરી કરી નુકસાન કર્યું હતું. ત્યારે અજાણ્યા તસ્કરો ને ઝડપી પાડવા માટે પોલીસે ગુન્હો નોંધી વધુ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## પટણાના સહિત ૨૨ જિલ્લામાં હિંસક પ્રદર્શન, ૬ ટ્રેન સળગાવાઈ : બિહારમાં નાયબ મુખ્યમંત્રી તથા ભાજપ પ્રદેશ અધ્યક્ષના ઘર પર હુમલો



પટણા,

અગ્નિપથ યોજનાને લઈને યુવાનો દ્વારા વિરોધ પ્રદર્શન આજે શુક્રવારે પણ ચાલુ રાખવામાં આવ્યું હતું. આજે સવારે બિહારના સમસ્તીપુર અને લખીસરાયમાં યુવકોએ ટ્રેનોમાં આગ લગાવી દીધી હતી. યુવાનોના ટોળાએ અનેક એસી કોચને આગ ચાંપી દીધી હતી. જયારે ઉત્તર પ્રદેશના બલિયા રેલવે સ્ટેશન પર યુવાનોએ તોડફોડ કરી હતી. ગઈકાલે પણ અગ્નિપથ યોજના સામે અનેક રાજ્યોના યુવાનોમાં ઉકળાટ જોવા મળ્યો હતો. ઘણી જગ્યાએ આગચંપી થઈ, રેલ અને રસ્તાઓ બંધ કરી દેવામાં આવ્યા હતા. આ યોજનાના વિરોધમાં ઉત્તર પ્રદેશના બલિયામાં યુવાનો રસ્તા પર ઉતરી આવ્યા હતા. બીજી તરફ કેન્દ્ર સરકારની આ નવી યોજનાએ રાજકીય પક્ષોનો વિરોધ પણ શરૂ કરી દીધો છે. પોતાના બચાવમાં યુપીના મંત્રી સ્વતંત્ર દેવ સિંહે કહ્યું કે વિપક્ષે પહેલા ખેડૂતોને ભડકાવ્યા અને હવે તે યુવકોને ભડકાવી રહ્યા છે

બિહિયા રેલવે સ્ટેશન પર યુવકોએ ઉગ્ર વિરોધ કર્યો અને રેલવે ટ્રેક જામ કરી દીધો. વિદ્યાર્થીઓ અપ-ડાઉન લાઈન પર બેસીનેઆ યોજના વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા, અને વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલા હંગામાને કારણે અનેક ટ્રેનો ખોરવાઈ ગઈ હોવાની માહિતી મળી હતી.બક્સરમાં આજે સવારે યુવકો ડુમરાવ રેલવે સ્ટેશન પહોંચ્યા હતા અને હોબાળો મચાવ્યો હતો. ટોળાએ રેલવે ટ્રેક પર ટાયરો સળગાવી વિરોધ નોંધાવ્યો હતો. યુવાનોના વિરોધને ધ્યાનમાં રાખીને ડુમરાવ સ્ટેશનના આગામી અને અગાઉના રેલવે સ્ટેશન પર અનેક ટ્રેનો બંધ કરીદેવામાં આવી છે. આ સમય દરમિયાન યુવાનોએ કહ્યું કે કેન્દ્ર સરકારે આ યોજના પાછી ખેંચી લેવી જોઈએ. ખગડિયા જિલ્લામાં યુવાનોએ રસ્તો અને રેલવે માર્ગને બ્લોક કરી દીધો હતો. યુવાનો ખગડિયા રેલ્વે સ્ટેશન પહોંચ્યા હતા અને કોસી એક્સપ્રેસ ટ્રેનને અટકાવી હતી. ઘણી ટ્રેનોને અસર થઈ છે. વિરોધને કારણે માનસી-સહરસા અને માનસી-કટિહાર રેલવિભાગ ખોરવાઈ ગયા છે.

યુવકોએ સમસ્તીપુરમાં બિહાર સંપર્ક ક્રાંતિ એક્સપ્રેસ ટ્રેનને રોકીને ટ્રેન પર પથ્થરમારો કર્યો હતો. બીજી તરફ ઉત્તરપ્રદેશના ફિરોઝાબાદમાં યુવકો દ્વારા બસોમાં તોડફોડ કરવામાં આવી હતી અને પોલીસ ઘટના સ્થળે હાજર છે. ફિરોઝાબાદ જિલ્લાના મઠસેનામાં સવારે પાંચ વાગ્યાની આસપાસ આગ્રા-લખનઉ એક્સપ્રેસ વે પર યુવકોએ કેટલીક બસોમાં તોડફોડ કરી હતી.

અગ્નિપથ યોજનાના વિરોધમાં ટ્રેનોને નુકસાન પહોંચાડવા સાથે શરૂ થયેલું વિરોધ પ્રદર્શન હવે રાજનેતાઓના ઘરના ઉંબરા સુધી પહોંચી ગયું છે. સેના ભરતી યોજનાના વિરોધના નામે થઈ રહેલા આંદોલનમાં નિર્દોષ લોકોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. ટ્રેનમાં પથ્થરમારો અને આગચંપી ઉપરાંત લોકોની લૂટફાટ પણ થઈ રહી છે.આમ છતાં તંત્ર મુકદર્શક બની રહી છે.આ યોજનાનો વિરોધ કરી રહેલા દેખાવકારોએ બિહારના નાયબ મુખ્યમંત્રી રેણુ દેવીના ઘર પર હુમલો કર્યો છે. તેમના પુત્રએ કહ્યું કે બેતિયામાં અમારા ઘર પર હુમલો થયો. હુમલાના કારણે ખુબ નુકસાન થયું. હાલ તેઓ (રેણુ દેવી) પટણામાં છે.

રાંચીમાં અગ્નિપથ યોજના વિરુદ્ધ સેના ભરતી કાર્યાલય બહાર વિરોધ પ્રદર્શન થયું છે. કેન્દ્ર સરકાર દ્વારા સશસ્ત્રદળોમાં ભરતી માટે જાહેર કરાયેલી અગ્નિપથ યોજના વિરુદ્ધ સેનામાં ભરતીની આશા સેવતા યુવાઓએ રાંચીના મેઈન રોડ સ્થિત સેના ભરતી કાર્યાલય સામે પ્રદર્શન કર્યું છે. આ યોજનાના વિરોધમાં મધ્ય પ્રદેશના શહેરોમાં પણ ભારે વિરોધ પ્રદર્શન કરાયું છે. રાજસ્થાનના ભરતપુરમાં આંદોલનકારીઓએ રેલવે ટ્રેક ઉઘાડી નાખ્યા છે. યુવાનોનું આ આંદોલન વધુને વધુ ઉગ્ર બનતું જાય છે અને ઉમેદવારો આંદોલનની આડમાં લૂંટ મચાવવા પર ઉતરી આવ્યા છે. સાથે સાથે હૈદરાબાદમાં પોલીસના ગોળીબારમાં એક દેખાવકારના મૃત્યુના સમાચાર પણ આવ્યા છે.

દરમિયાન રક્ષા મંત્રી રાજનાથ સિંહે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓને હોબાળો ન કરવાની અપીલ કરી છે. તેમણે કહ્યું- બે વર્ષથી સેનામાં ભરતીની તક મળી નહતી. જેના કારણે ભરતી પ્રક્રિયા અટકી પડી છે. આ વિચારીને સરકારે હાલમાં જ અગ્નિવીરોની ભરતી કરવા માટે વય મર્યાદામાં બે વર્ષનો વધારો કરવામાં આવ્યો છે. રાજનાથ સિંહે યુવાનોને અપીલ કરતા કહ્યું હતુ કે વિરોધ ન કરો અને ભરતીની તૈયારી કરો.કેન્દ્ર સરકારે અગ્નિપથ યોજના હેઠળ ભરતી માટે ઉપલી વય મર્યાદા ૨૧ વર્ષથી વધારીને ૨૩ વર્ષ કરવાની જાહેરાત કરી છે. જોકે આ છૂટ આ વર્ષ માટે જ લાગુ થશે.


## ગોધરાના ચિખોદ્રા ગામે ગાયની હત્યા કરતાં ચાર ઈસમો સામે ગુનો નોંધાયો

ગોધરા,

ગોધરા શહેરના રહેમત નગર ચિખોદ્રા વિસ્તારમાં આવેલા એક રહેણાક મકાનના તબેલામાંથી બાંધી રાખેલી એક ગાય ને ચાર આરોપીઓ દ્વારા કારમાં નાખી કતલ કરી નાખી નુકસાન પહોંચાડતા આ ચાર આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવે તે માટે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી.

ગોધરા શહેરના રહેમત નગર ચિખોદ્રા વિસ્તારમાં રહેતા રેહાના શબ્બીર બદામ દ્વારા ગોધરા શહેર બી ડિવિજન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે તેઓના રહેણાક મકાનમાં આવેલા તબેલામાં પોતાની ગાય બાંધી રાખી હતી.જેને આરોપીઓ સલમાન યામીન હસન ઉર્ફે કાન કટ્ટો,અનસ અનવર ભોભા, સલમાન મુસ્તાક કાલી અને હાસિમ અસલમ કાલુ આ ચાર આરોપીઓએ એક બીજાની મદદગારી કરી ગાય ને કારમાં નાખી લઈ જઈ તેની કતલ કરી નાખી ફરિયાદીને આર્થિક નુકસાન પહોંચાડ્યું હતું. ત્યારે આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી ફરિયાદ મહિલા દ્વારા શહેર પોલીસ મથકે નોંધાવતા પોલીસે ચાર આરોપીઓ સામે ગુન્હો નોધી વધુ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## હવે દેવું વસૂલ કરવા માટે ગ્રાહકોને હેરાન નહીં કરી શકે બેંક એજન્ટ : RBI



મુંબઈ,

બેંકના એજન્ટ હવે દેવું વસૂલ કરવા માટે ગ્રાહકોને હેરાન કરી શકશે નહીં. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઇ)ના ગવર્નર શક્તિકાંત દાસે આના પર ચિંતા વ્યક્ત કરતા કડક વલણ અપનાવ્યુ. તેમણે કહ્યું કે, બેંકોના એજન્ટોનું ગ્રાહકોને હેરાન કરવું હવે સહન કરવામાં આવશે નહીં.

ગવર્નર દાસે એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે, દેવું વસૂલ કરવા માટે એજન્ટો દ્વારા ગ્રાહકોને કોઈ પણ સમયે ફોન કરવો, ખરાબ ભાષામાં વાત કરવી સહિત અન્ય કઠોર રીતનો ઉપયોગ કરવો, હવે સ્વીકાર્ય નથી. બેંકોની પાસે દેવું વસૂલ કરવાનો અધિકાર છે, પણ તેનાથી કોઈને મુશ્કેલી ન થવી જોઈએ. ખાસ કરીને એજન્ટના તરફથી આવતા ફોન કોલ્સને લઈને બેંકોએ ગાઈડલાઈનનો ઉપયોગ કરવો જોઈએ અને તેને દિશા-નિર્દેશ પણ આપવા જોઈએ.

ગવર્નર દાસે કહ્યું કે, ડિજિટલ રીતથી લોન આપવાની પ્રક્રિયાને સુરક્ષિત અને મજબૂત બનાવવા માટે રિઝર્વ બેંક ટૂંક સમયમાં જ ગાઈડલાઈન જાહેર કરશે. તેમને આ વાત પર પણ ચિંતા વ્યક્ત કરી કે, કેવી રીતે ડિજિટલ પ્લેટફોર્મ પર લોકોની સાથે લોન આપવાના નામ પર છેતરપિંડી કરવામાં આવી રહી છે. જો કે, આ વિશે લોકોને જાગૃત કરવા માટે આરબીઆઇ સમય-સમય પર ગાઈડલાઈન પણ બહાર પાડે છે.

ગવર્નરે વધતી મોંઘવારી પર વાત કરી હતી. તેમને કહ્યું હતું કે, ભારત જ નહીં અમેરિકા-યુરોપ સહિત દુનિયાભરના વિવિધ દેશોમાં મોંઘવારીનું દબાણ છે, આને અચાનક રોકવું શક્ય નથી. એટલે જ મોંઘવારીને સહન કરવી સમયની જરૂર છે. અમે આને લઈને અત્યાર સુધી ભરેલા પગલાઓમાં અને પોતાના નિર્ણયો પર અડગ છીએ. તેમને કહ્યું કે, મહામારીનો સામનો કરવા અને દેશની અર્થવ્યવસ્થાને ગતિ આપવા માટે નીતિગત પગલાઓ ભરવામાં આરબીઆઇ ક્યારેય પાછળ રહ્યું નથી. અમે સમયની માગ સાથે ચાલી રહ્યા છીએ.

આરબીઆઇએ ઈલેક્ટ્રોનિક માધ્યમથી કાર્ડ, પ્રીપેડની ચૂકવણીના ઉત્પાદનો અને યુપીએઆઇના માધ્યમથી કોઈ સેવા અથવા ઉત્પાદન માટે ઓટો ડેબિટ વેરિફિકેશનની મર્યાદા ૫ હજાર રૂપિયાથી વધારીને ૧૫ હજાર રૂપિયા કરવામાં આવી છે. આનો અર્થ એ છે કે, હવે ૧૫ હજાર રૂપિયા સુધીના ઓટો ડેબિટ માટે વધારે વેરિફિકેશનની જરૂર નથી, આ સુવિધાથી ગ્રાહકોને ઘણી બધી સગવડતા થશે અને હવે તેઓ ત્રણ ગણા વધુ ધનરાશી સુધીની ઓટો ચૂકવણી કરી શકશે.


માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના શુભહસ્તે
શ્રી કાલિકા માતાના પૂનઃ વિકસિત મંદિરનું ઉદ્દઘાટન..

પાલનપુર ગ્રામ પંચાયત

રમેશભાઈ તડવી : સરપંચ
નયનાબેન લુહાર : તલાટી કમ મંત્રી

પ્રેમીલાબેન નરેન્દ્રસિંહ પરમાર

મહિલા અને બાળ વિકાસ યુવા અને પ્રવૃતી
સીટ-શિવરાજપુર, જીલ્લા પંચાયત,
તા.હાલોલ, જી.પંચમહાલ



કપિલાબેન ચીમનભાઈ વણકર
તાલુકા પંચાયત સભ્ય, કંજરી, તા.હાલોલ જી.પંચમહાલ



સંગીતાબેન ગોપાલભાઈ બારીયા
તાલુકા પંચાયત ઉપપ્રમુખ, તા.હાલોલ જી.પંચમહાલ



અશોકભાઈ ગોવિંદભાઈ બારીઆ
તાલુકા પંચાયત દંડક, ચાપાનેર, તા.હાલોલ જી.પંચમહાલ



પ્રવિણભાઈ પરમાર
ભાજપ તાલુકા પ્રમુખ, તા.હાલોલ જી.પંચમહાલ



રમીલાબેન ભરતાભાઈ નાયક
જાંબુઘોડા જીલ્લા પંચાયત સીટ, તા.જાંબુઘોડા, જી.પંચમહાલ



કનુભાઈ ઘુડાભાઈ રાઠોડ
તાલુકા પંચાયત સભ્ય, સાથરોટા, તા.કાલોલ જી.પંચમહાલ



નગીનભાઈ બળવંતસિંહ પરમાર
તાલુકા પંચાયત સભ્ય, મસવાડ, તા.હાલોલ જી.પંચમહાલ



નીલેશભાઈ મહેન્દ્રભાઈ નાયક
તાલુકા પંચાયત સભ્ય, મદાર, તા.હાલોલ જી.પંચમહાલ

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# ગુજરાત રાજ્ય ખાનગી વીજ ઉત્પાદકો આશ્રીત બનતા વીજ બીલોના વધારાનો બોજ નાગરિકો વેઠવા મજબુર



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

ગુજરાતમાં વીજળી ઘણી મોંઘી છે, ગુજરાતમાં વીજળી ઉત્પન્ન કરતા સરકારી સાહસોને રાજ્ય સરકારે ઈરાદાપૂર્વક મારી નાખ્યા એટલે વીજળી માટે રાજ્ય ખાનગી વીજ ઉત્પાદન મથકો પર આશ્રિત થયું. ગુજરાત સરકારના આ આંધળા ખાનગીકરણની ઊંચી કિંમત હાલ ગુજરાતના નાગરિકો બેવડી રીતે ભોગવી રહ્યા છે.

આપ ગુજરાત પ્રદેશ સચિવ જયેશ સંગાડા એ જણાવ્યું પ્રથમ તો, ખાનગી પાવર પ્લાન્ટ સાથે ૨૦૦૭માં ૨૫ વર્ષ સુધી વીજળી ખરીદવાના જે ફીક્સ ભાવો નક્કી કર્યા હતા. તે ખાનગી પાવર પ્લાન્ટોના દબાણ હેઠળ આવીને ગુજરાત સરકારે રિવાઈઝ કરી આપ્યા. એને કારણે જ છે, થોડાક જ વખતમાં..... એપ્રિલ ૨૦૨૧માં પ્રતિ યુનિટ ફ્યુઅલ સરચાર્જ ૧.૮૦ રૂપિયા હતો, જુલાઈ ૨૦૨૧માં પ્રતિ યુનિટ ફ્યુઅલ સરચાર્જ ૧.૯૦ રૂપિયા થયો, ઓક્ટોબર ૨૦૨૧માં પ્રતિ યુનિટ ફ્યુઅલ સરચાર્જ ૨.૦૦ રૂપિયા થયો, જાન્યુઆરી ૨૦૨૨માં પ્રતિ યુનિટ ફ્યુઅલ સરચાર્જ ૨.૧૦ રૂપિયા થયો, માર્ચ ૨૦૨૨માં પ્રતિ યુનિટ ફ્યુઅલ સરચાર્જ ૨.૨૦ રૂપિયા થયો, એપ્રિલ ૨૦૨૨માં પ્રતિ યુનિટ ફ્યુઅલ સરચાર્જ ૨.૩૦ રૂપિયા થયો. આમ સરકારની ભૂલનો ભોગ ગુજરાતની જનતા બની રહી છે.

આપ દાહોદ પુર્વ જિલ્લા પ્રભારી રમસુભાઈ હઠીલા એ જણાવ્યું ખાનગી પાવર પ્લાન્ટ કરાર મુજબ વીજળી પુરી પાડવામાં વચ્ચે વચ્ચે આડોડાઈ કરી કૃત્રિમ અછત ઉભી કરે છે ત્યારે ગુજરાત સરકારે ખુલ્લા બઝારમાંથી ખુબ ઊંચા ભાવે વીજળી ખરીદવી પડે છે.

સરકારે ખુલ્લા બઝારમાંથી વીજળી ખરીદે એનો સીધો મતલબ છે કે, રાજ્યની જનતાના પરસેવાની કમાણીના ટેક્સના પૈસા વેડફાઈ રહ્યા છે અને ગુજરાતની જનતા માથે દેવું વધી રહ્યું છે.

આમ આદમી પાર્ટીની હાલ દિલ્હી અને પંજાબ, એમ બે રાજ્યોમાં સરકાર છે. તે પોતાના નાગરિકોને ૨૦૦ અને ૩૦૦ યુનિટ સુધી વીજળી ફ્રી આપે છે એની સામે ગુજરાત સરકાર રાજ્યના નાગરિકો પાસેથી ખુબ ઊંચા દરો વસુલ કરે છે.

આમ આદમી પાર્ટી–ગુજરાત, નાગરિકોની થઈ રહેલી ઉઘાડેછોગ લૂંટ સામે આગામી દિવસોમાં રાજ્ય વ્યાપી કાર્યક્રમો હાથ ધરવા જય રહી છે.

આપની પાસે રાજ્યના મુખ્યમંત્રી તરીકે આમ આદમી પાર્ટી–ગુજરાતની માગણી છે કે, ગુજરાતના નાગરિકોને ૨૦૦ યુનિટ વીજળી ફ્રી આપવામાં આવે જેથી મોંઘવારીમાં પીસાઈ રહેલા મદયમ વર્ગને આંશિક રાહત મળે અને ગુજરાતની જનતા સાથે થયેલા અન્યાયનું નિવારણ થઈ શકે.

આપ સિંગવડ તાલુકા પૂર્વ પ્રમુખ શૈલેશ ભાઈ હઠીલા એ જણાવ્યું કે, લીમખેડા અને સિંગવડ બંને તાલુકામાં અપૂરતો વીજ પુરવઠો છે. છતાં જનતા મોંઘા વીજ બિલોથી ત્રાહિમામ પોકારી ઉઠી છે, આવનાર સમયમાં આપ ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરશે.

# નવું શૈક્ષણિક સત્ર શરૂ થતાં દાહોદ જિલ્લાની તમામ સરકારી તેમજ ગ્રાન્ટેડ શાળાઓમાં પ્રથમ દિવસથી જ મધ્યાહન ભોજનનો પ્રારંભ



દાહોદ,

તા. ૧૭ : ધોરણ–૧ થી ૮ નું નવું શૈક્ષણિક સત્ર શરૂ થતાં દાહોદ જિલ્લાની તમામ સરકારી તેમજ ગ્રાન્ટેડ શાળાઓમાં પ્રથમ દિવસથી જ મધ્યાન ભોજન આપવાનું શરૂ કરાયું છે. જિલ્લાના ૩.૪૮ લાખથી વધુ વિદ્યાર્થીઓને મધ્યાહન ભોજન યોજના અંતર્ગત પૌષ્ટિક ભોજન અપાઈ રહ્યું છે.

સરકાર દ્વારા તમામ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ધોરણ ૧ થી ૮ના વિદ્યાર્થીઓને પોષણયુક્ત આહાર મળી રહે તે માટે મધ્યાન ભોજન યોજના અંતર્ગત સરકારી તેમજ ગ્રાન્ટેડ શાળાઓમાં મધ્યાહન ભોજન અને નાસ્તો આપવામાં આવે છે. તેમજ બાળકોને દૂધ સંજીવની યોજના અંતર્ગત પોષણયુક્ત દૂધના પાઉચ આપવામાં આવે છે. અઠવાડિયા દરમિયાન વેજ. ખીચડી, વેજ. પુલાવ, ઢોકળી, દાળ ભાત વગેરે આપવામાં આવે છે. નવા શૈક્ષણિક વર્ષના પ્રથમ સત્રની શરૂઆત થી તારીખ ૧૩મી જૂન સોમવારથી શરૂ થઈ છે. ત્યારે સરકારી તેમજ તમામ ગ્રાન્ટેડ શાળાઓમાં નવા શૈક્ષણિક સત્રના પ્રથમ દિવસથી જ ધોરણ ૧ થી ૮ના વિદ્યાર્થીઓને પોષણયુક્ત મધ્યાહન ભોજન તેમજ નાસ્તો મળી રહે તેવું આયોજન કરવા અંગે સુચના મધ્યાહન ભોજન યોજના કમિશનરએ આપી છે.

જે મુજબ દાહોદ જિલ્લામાં સમાવિષ્ટ ૯ તાલુકામાં આગામી ૧૩ જૂન થી કુલ ૧૬૬૦ મધ્યાહન ભોજન યોજના કેન્દ્રોમાં અંદાજિત ૩,૪૮,૭૪૬ જેટલા બાળકોને મધ્યાહન ભોજનમાં વેજીટેબલ ખીચડી તેમજ નાસ્તામાં સુખડી અપાઈ હતી.

# દેવગઢ બારીયાની સબજેલમાં આરોગ્યલક્ષી કેમ્પ યોજાયો



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,

દેવગઢ બારીયાની સબ જેલ ખાતે જે.એસ.ચૌહાણ સરકારી હોસ્પિટલમાં ચાલતા ICTC વિભાગ દ્વારા તા ૧૭/૬/૨૦૨૨ના રોજ એચ.આઈ.વી./ટીબી, HBSAG, HCV તેમજ VDRL ના પ્રાથમિક નિદાન માટે આરોગ્યલક્ષી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. તેમાં કુલ ૩૫ બંદીવાન ભાઈઓની આરોગ્ય લક્ષી તપાસ કરવામાં આવેલ.

સબ જેલ–દેવગઢ બારીયાના જેલર રાહુલ સરના માર્ગદર્શન હેઠળ ૩૫ બદિવાન ભાઈઓની તપાસ માટે જે.એસ. ચૌહાણ સરકારી હોસ્પિટલમાં ચાલતા ICTC વિભાગના કાઉન્સેલર પંકજ બારીયા, લેબ ટેકનીશ્યન ગીરીશ રાઠવા તેમજ ટી.બી. વિભાગ માંથી STLS કાળીયાભાઈ ડામોર અને સબ જેલનો તમામ સ્ટાફ હાજર રહી કેમ્પને સફળ બનાવ્યો હતો.

# દાહોદના ચોસાલા ગામે જમીન મામલે ચાર ઈસમોએ ગોફણો સાથે ધીંગાણું મચાવતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ તાલુકાના ચોસાલા ગામે જમીન સંબંધી મામલે ચાર જણાએ ભેગા મળી મહિલા સહિત ચાર જણાને લોખંડના પાણીયા વડે, કુહાડીની મુંદર વડે તેમજ હાથમાં ગોફણો લઈ આવી અને ગડદાપાટ્ટુનો માર મારી મહિલા સહિત ચાર જણાને શરીરે ઈજાઓ પહોંચાડી દુકાનની તોડફોડ કરી ભારે ધિંગાણું મચાવતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

ગત તા. ૧૬મી જુનના રોજ ચોસાલા ગામે નવાખેડા ફળિયામાં રહેતાં રસુભાઈ રતનાભાઈ ડામોર, કાળાભાઈ રતનાભાઈ ડામોર, રતનાભાઈ વેસ્તાભાઈ ડામોર અને બચુભાઈ રતનાભાઈ ડામોરનાઓએ એકસંપ થઈ ગેરકાયદે મંડળી બનાવી પોતાની સાથે મારક હથિયારો જેવા કે કુહાડી, લોખંડના પાણીયા તેમજ ગોફણો લઈ આવી પોતાના ગામમાં રહેતાં સોબાનભાઈ માત્રાભાઈ ડામોરના ઘરે આવી બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, તું જે જમીન ખેડે છે તે અમારી છે. જેથી સોબાનભાઈએ કહેલ કે, હું મારા ભાગની જમીન ખેડુ છું, તેમ કહેતાં ઉપરોક્ત ચારેય ઈસમો એકદમ ઉશ્કેરાઈ જઈ પોતાની સાથે લાવેલ કુહાડીની મુંદર, લોખંડના પાણીયા વડે અને ગોફણોમાંથી પથ્થરો વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી દલીબેનને, લાલો ઉર્ફે રવિન્દ્રભાઈ રાજુભાઈ ડામોરને, રાજુભાઈ માત્રાભાઈ ડામોર અને મડીબેનને માર મારી શરીરે, હાથે પગે અને માથાના ભાગે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકીઓ આપી દુકાનની તોડફોડ કરી ભાગે ધિંગાણું મચાવતાં આ સંબંધે સોબાનભાઈ માત્રાભાઈ ડામોરે દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સાંસદ ખેલ સ્પધોની રંગે ચંગે ઉજવણી બાદ ત્રીજા દિવસે ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ જેઠાભાઈ ભરવાડના હસ્તે સમાપન કરવામાં આવ્યું



દાહોદ,

દાહોદ જીલ્લાના દેવગઢ બારીયા અને દાહોદ ખાતે સાંસદ ખેલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્રણ દિવસ સુધી યોજાયેલ સાંસદ ખેલ સ્પર્ધા માં ૭૦૦૦ હજાર જેટલા ખેલાડીઓએ ભાગ લીધો હતો. સાંસદ ખેલ સ્પર્ધામાં રસ્સા ખેચ, કબડ્ડી, જુડો, ફુટબોલ, ક્રિકેટ જેવી રમતોમાં ખેલાડીએ ભાગ લઈ પોતામા છુપાયેલ સુશુપ્ત શકિત બહાર આવી હતી. સારૂ પ્રદર્શન કરનાર ખેલાડીઓને ગોલ્ડ મેડલ, સિલ્વર મેડલ, સાંસદ સ્પધો પ્રશસિતિપત્ર થી સન્માનિત કરવામાં આવ્યા હતો. દાહોદ જીલ્લામાં પહેલીવાર મોટાપાયે ખેલ સ્પર્ધાનું આયોજન કરતા સાસંદ જસવંતસિહ ભાભોરે લોકભાગીદારી થી સફળ થયેલ સાંસદ ખેલ સ્પર્ધાને લઈને લોકોનો દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો આભાર વ્યકત કયો હતો. સાંસદ ખેલ સ્પર્ધાનો શુંભ આરંભ ગૃહ રાજ્ય મંત્રી હર્ષભાઈ સંઘવીના હસ્તે શુભ શરૂઆત કરવામાં આવી હતી. ત્યારે ખેલ સ્પર્ધાના અંતિમ દિવસે ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ જેઠાભાઈ ભરવાડના હસ્તે કાર્યક્રમનો સમાપન સંમારોહ યોજવામા આવ્યો હતો. આ પ્રંસગે વિધાનસભાના દંડક રમેશભાઈ કટારા, પૂર્વ મંત્રી બંચુભાઈ ખાબડ, જીલ્લા ઈલેકટર હર્ષિત ગોસાવી, જીલ્લા વિકાસ અધિકારી નેહાકુમારી, જીલ્લા પંચાયત પ્રમુખ શિતલબેન વાઘેલા, માજી ધારાસભ્ય તુષારબાબા, ચેરમેન ભરતભાઈ ભરવાડ સહિત મોટી સંખ્યામાં ખેલાડીઓ લોકો ઉપસ્થિત રહ્યા હતા. સાંસદ ખેલ સ્પર્ધાના અંતે ભોજન ભંડારાનું પણ આયોજન કરાયું હતું.

# દાહોદ નગરમાં રખડતા પશુઓના અંડીગાને લઈ કોંગ્રેસ સમિતિએ પ્રાંત અધિકારીને આવેદન

દાહોદ,

દાહોદ શહેરમાં દાહોદ નગરપાલિકા દ્વારા આડેધડ ખોદકામ કરી નાંખ્યું હોવાનું અને શહેરમાં જ્યાં જુઓ ત્યાં પશુઓનો જાહેર રસ્તા પર અડીંગો વધતાં અને ત્રાસ વધતોલ હોવાના આક્ષેપો સાથે આજરોજ દાહોદ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા દાહોદ પ્રાંત અધિકારીને આ મામલે આવેદનપત્ર આપ્યું હોવાનું જાણવા મળે છે.

દાહોદ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા દાહોદ પ્રાંત અધિકારીને આપવામાં આવેલ આવેદનપત્રમાં જણાવ્યાં અનુસાર, દાહોદ નગરમાં નગરપાલિકા દ્વારા આડેધડ કરવામાં આવતું ખોદકામ ના અને દાહોદ નગર માં ઢોરનો જે ત્રાસ વર્તાય રહ્યોં છે. તેના વિરોધમાં એક આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં દાહોદ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ હર્ષદભાઈ નીનામા, દાહોદ વિધાનસભાના ઈન્ચાર્જ હરીશભાઈ નાયક, દાહોદ શહેર કોંગ્રેસ પ્રમુખ ઈશ્વરભાઈ પરમાર, દાહોદ શહેર કોંગ્રેસ પ્રમુખ આસીફઅલી સૈયદ તેમજ દાહોદ શહેર કોંગ્રેસ સમિતિના હોદ્દેદારો, નગરપાલિકાના વિપક્ષ નેતા, નગરપાલિકાના વર્તમાન અને પૂર્વ કાઉન્સિલર ભાઈ–બહેનો શહેર સમિતિના ફ્રન્ટલો અને સેલ, ડીપાર્ટમેન્ટના હોદ્દેદારો આગેવાન કાર્યકર ભાઈ–બહેનો હાજર રહ્યા હતા.

# દાહોદના કોટડા બુઝર્ગ ગામના ઈસમે ચાઈલ્ડ પોનોગ્રાફી સોશ્યલ મીડીયામાં અપલોડ કરતાં તપાસ

દાહોદ,

દાહોદ તાલુકાના કોટડા બુઝર્ગ ગામે એક ઈસમ દ્વારા પોતાના મોબાઈલ ફોન મારફતે સોશીયલ મીડીયામાં ચાઈલ્ડ પોનોગ્રાફીનો વીડીયો ફુટેજની ફાઈલ અપલોડ કરતાં પોલીસે આ મામલે તપાસ હાથ ધરી છે.

દાહોદ તાલુકાના કોટડાબુઝર્ગ ગામે ગામતળ ફળિયામાં રહેતાં સમીયેર ચતુરભાઈ મીનામા (રહે. કોટડાબુઝૂર્ગ, ગામતળ ફળિયું, તા.જી.દાહોદ) નાએ પોતાના ૬૩૫૫૮૪૮૧૫૬ના સીમકાર્ડ દ્વારા ટીપ લાઈન નંબર ૮૩૭૯૯૩૦૬માં જણાવેલ અનુસાર ફેસબુક ઈન્સ્ટગ્રામના સોશીયલ મીડીયા એકાઉન્ટમાં ચાઈલ્ડ પોનોગ્રાફી બાતમી મુજબનો વીડીયો, ફુટેજ ફાઈલ અપલોડ કરતાં આ અંગેની જાણ પંચમહાલના ગોધરાના સાયબર ક્રાઈમ પોલીસને જાણ થતાં પોલીસે આ મામલે દાહોદના કતવારા પોલીસ મથકે જાણ કરી હતી અને આ સંબંધે કતવારા પોલીસે તપાસનો ધમધમાટ આરંભ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગોધરા નગરપાલિકા સફાઈ કામદારોની માંગણીઓ ન સંતોષાતા બીજા દિવસે પણ હડતાલ યથાવત



ગોધરા,

ગોધરા નગર પાલિકાના સફાઈ કર્મીઓ પોતાની માંગણીઓ સામે અડગ રહી બીજા દિવસે પણ હડતાળ ચાલુ રાખી હતી. ત્યારે પાલિકા સતાધીશોએ આ મામલે કર્મચારીઓ ને નોટીસ આપી હતી.

ગોધરા નગરપાલિકા દ્વારા ગતરોજ સફાઈકર્મીઓ દ્વારા પોતાની માગણીઓને લઈને હડતાળ પાડવામા આવી હતી.જેને લઈને સફાઈકામદારોને પાલિકા સતધિશોએ નોટીસ આપવામા આવી છે. જેને લઈને કામદારોમા ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે, ગોધરા નગરપાલિકામાં ફરજ બજાવતા કાયમી અને રોજમદાર સફાઈ કામદારો સહિત પેન્શનરો પણ પોતાની માગણીઓને લઈ હડતાલ ઉપર ઉતરી આવેલા સફાઈ કામદારો છેલ્લા કેટલાક સમયથી ભરતી, પી.એફ ના નાણા, પેન્શન, રેગ્યુલર પગાર જે છેલ્લા ચાર માસથી ચૂકવવામાં ન આવતા કામદારોની હાલત કફોડી બની છે અને પગાર સહિતની વિવિધ માગણીઓની બાબતે ગોધરા નગરપાલિકાના કાયમી અને રોજમદાર સફાઈ કામદારો પોતાની વેદનાઓ દર્શાવી હતી કે ગોધરા પાલિકા દ્વારા ૧૦૬ ની ભરતી માથી ૭૦ જણને કાયમી સફાઈ કામદાર ના ઓર્ડર આપ્યા હતા. જયારે ૩૭ જેટલા સફાઈ કામદારો હાલ પણ ઓર્ડર આપવામાં આવ્યા નથી જેના કારણે તેઓ પોતાના હક માટે વલખાં મારી રહ્યા છે. હાલમા તેમના સફાઈ કામદારોને નોટીસ આપવામા આવતા કામદારો જણાવે છે કે અમે અમારી હડતાલ બાબતે જવાબદારતંત્રને જાણ કરી છે. તેની ઓસી પણ અમારી પાસે છે. અમે અમારો હક માંગવા બેઠા છે. અમે અમારી રજુઆતોનો જવાબ જોઈએ.અમને ચાર મહીનાથી પગાર આપવામા આવ્યો નથી તેવું સફાઈ કામદારો એ જણાવ્યું હતું.

જયારે કાયમી સફાઈ કામદારોને નોટીસ આપ્યા બાબતે ગોધરા નગરપાલિકાના સિનિયર સેનેટરી ઈન્સ્પેક્ટર મુકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે ગોધરા નગરપાલિકામાં ફરજ બજાવતા કાયમી અને રોજમદાર સફાઈ કામદારો એ ગોધરાના ચીફ ઓફિસર અને ગોધરા નગરપાલિકાના પ્રમુખને મળ્યા વગર સીધા જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું હતું અને હડતાળ ઉપર ઉતરી આવ્યા હતા. આ ઉપરાંત કાયમી અને રોજમદાર સફાઈ કામદારો છેલ્લા ચાર માસથી પગારથી વંચિત છે તે વાત તદ્દન ખોટી છે જયારે હકીકતમાં એપ્રિલ અને મે મહિનાનો જ પગાર બાકી છે જયારે ઈપીએફ બાબતે નગરપાલિકા દ્વારા બબ્બે વખત સફાઈ કામદારોને નોટિસ આપી કેવાયસી કરવાની સૂચના આપવામાં આવી હતી જેમાંથી હજુ પણ ચાર જેટલા સફાઈ કામદારો એ કેવાયસી કર્યા નથી. જેના કારણે ઈપીએફ નાણા જમા થઈ શકતા નથી. ૧૨/૨૪ ના લાભ બાબતે જણાવ્યું હતું કે ગોધરા નગરપાલિકા માં એક પણ સફાઈ કામદારો ૧૨/૨૪ ના લાભથી વંચિત રહ્યા નથી અને જે કાયમી સફાઈ કામદારો છે એ લોકોને એકદમ ગેરકાયદેસર હડતાળ ઉપર ઉતરી આવ્યા છે જેને લઈ ૬૮ સફાઈ કામદારો ને નોટીસ આપી તેમની ફરજ ઉપર તાત્કાલિક હાજર રહેવા જણાવ્યું હતું.ગોધરા નગરપાલિકામાં જે ૭૦ સફાઈ કામદારો ને કાયમી કરવામાં આવ્યા છે એમની ફિંગર પ્રિન્ટ લેવાની બાકી છે પરંતુ સર્વિસ બુક ભરાઈ ગઈ છે અને જે તે સમયે ચીફ ઓફિસરની સહી પણ લીધેલ છે જે સફાઈ કામદારો ના પાંચ વર્ષ પૂર્ણ થયા તે સફાઈ કામદારો ને કાયમી ના હુકમ પણ આપ્યા છે. અને તેમની સર્વિસ બુક માં જે તે સમયે કાયમી ના હુકમ આપ્યા હતા અને તેઓની સહી પણ લેવામાં આવી હતી અને ખાતાના વડા તરીકે સિનિયર સેનેટરી ઈન્સપેક્ટર તરીકે મારી પણ સહી છે.

જયારે રોજમદાર સફાઈ કામદારો વિશે તેઓએ જણાવ્યું હતું કે ગોધરા નગરપાલિકા ચાર ઝોનમાં વિભાજિત કરવામા આવ્યા છે અને દરેક ઝોનમાં બાયોમેટ્રિક સિસ્ટમ ફિશ થી હાજરી પૂરવામાં આવે છે અને જે લોકો સવારે હાજરી ભરાવે છે અને બપોરે હાજરી ભરાવતા નથી માટે જેટલી હાજરી બાયોમેટ્રિક સિસ્ટમ ફિશ આવે એટલો જ પગાર થતાં સફાઈ કામદારોને એટલો જ પગાર આપવામાં આવે છે.

# NCERTએ ધોરણ ૧૨ના અભ્યાસક્રમમાંથી ગુજરાત રમખાણો સંબધિત વિષય હટાવ્યો

નવીદિલ્હી,

નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (એનસીઈઆરટી)એ એક મહત્વનો નિર્ણય લીધો છે. આ નિર્ણય હેઠળ NCERTએ ધોરણ ૧૨ ના અભ્યાસક્રમમાંથી ગુજરાત રમખાણો સંબંધિત ટેક્સ્ટ સામગ્રીને હટાવી દીધી છે. અત્યાર સુધી આ ટેક્સ્ટ મટીરીયલ ધોરણ ૧૨માં પોલિટિકલ સાયન્સ વિષયના પુસ્તકમાં પેજ ૧૮૭ થી ૧૮૯ પર હતું. આ સંદર્ભમાં એનસીઈઆરટી દ્વારા એક નોંધ જારી કરવામાં આવી છે.

એનસીઈઆરટીએ કોરોના રોગચાળાને ધ્યાનમાં રાખીને પાઠ્યપુસ્તક તર્કસંગત યોજના હેઠળ ધોરણ ૧૨ ના અભ્યાસક્રમમાં સુધારો કરીને આ નિર્ણય લીધો છે. આ સંદર્ભમાં એનસીઈઆરટી દ્વારા એક નોંધ જારી કરવામાં આવી છે. જે મુજબ આ વર્ષની શરૂઆતમાં બહાર પાડવામાં આવેલ સીબીએસઈના ૨૦૨૨-૨૩ શૈક્ષણિક અભ્યાસક્રમ હેઠળ પહેલાથી જ આ રમખાણની વિષય વસ્તુ હટાવી દેવામાં આવી હતી.

આ સાથે તત્કાલિન વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના આ નિવેદનને પણ બુકમાંથી હટાવી દેવામાં આવ્યું છે. "મુખ્યમંત્રી ગુજરાતનાને સંદેશ છે કે તેમણે 'રાજ ધર્મ'નું પાલન કરવું જોઈએ. શાસકે જાતિ, સંપ્રદાય અને ધર્મના આધારે તેની પ્રજા વચ્ચે ભેદભાવ ન કરવો જોઈએ.

એનસીઈઆરટી દ્વારા ૧૨મા પોલિટિકલ સાયન્સના અભ્યાસક્રમમાં કરાયેલા સુધારા અંગેનો અહેવાલ પ્રકાશિત કર્યો છે.ગુજરાતના રમખાણો અંગેના લખાણને હટાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ રમખાણાના લખાણથી ધાર્મિક લાગણીઓનો ઉપયોગ કરવાના જોખમો વિશે ચેતવણી આપે છે. તે લોકશાહી રાજકારણ માટે ખતરો ઉભો કરે છે, એક ફકરો જે કાઢી નાખવામાં આવ્યો છે. ફકરો દૂર કરવામાં આવ્યો છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.252

પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૨૫૨ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૮-૦૬-૨૦૨૨ શનિવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ


EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પંચમહાલ જિલ્લાને ૨૧૨ કરોડના વિકાસ કાર્યોની આપશે ભેટ

- નલ સે જલ યોજના અંતર્ગત ૧૫૮.૫૨ કરોડની યોજનાનું ઈ-લોકાર્પણ.
- જિલ્લામાં ૫૩૮ ગામોના અંદાજે ૨.૧૫ લાખ ઘરોને નળ જોડાણ થકી પાણીનો મળશે સીધો લાભ.
- અદેપુર જુથ પાણી પુરવઠા યોજના અંતર્ગત ૨૦ કરોડની યોજનાનું ઈ-લોકાર્પણ.
- પંચમહાલ જિલ્લામાં ૨૩.૦૫ કરોડના ખર્ચે નવનિર્મિત જિલ્લા પંચાયત ભવનનું ઈ-લોકાર્પણ.





ગોધરા,

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી આજે પંચમહાલ જિલ્લાના પાવાગઢ ખાતે જગત માતા મહાકાળી માતાના મંદીર ખાતે ધ્વજારોહણ કરી આશીર્વાદ લઈને દર્શન કરશે. આ મુલાકાત દરમિયાન તેઓ એક એવી જગ્યાની મુલાકાત લેવાના છે જે જગ્યા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા જ આ વિસ્તારના લોકો માટે વર્ષો પહેલા લોકાર્પિત કરવામાં આવી હતી અને એ જગ્યાનું નામ છે વિરાસત વન. હાલોલ તાલુકાના જેપુરા ગામમાં આવેલ વિરાસત વન વર્ષ ૨૦૧૧ મા તત્કાલીન મુખ્યમત્રી નરેન્દ્ર મોદી દ્વારા સ્થાપીત કરવામાં આવ્યુ હતું. પાવાગઢ ખાતે આવતા દર્શનાર્થીઓ, પ્રવાસીઓ માટે ખાસ બનાવવામાં આવેલા વિરાસત વનમાં નરેન્દ્ર મોદીએ વૃક્ષારોપણ પણ કર્યું હતું. તેમણે અશોક સીતાના વૃક્ષનો રોપો રોપ્યો હતો અને આ રોપો આજે ૧૧ વર્ષે એક વૃક્ષ બન્યું છે જેની ખાસ મુલાકાતે પ્રધાનમંત્રી વિરાસત વનની મુલાકાતે આવવાના છે.


ત્યાર પછી તેઓ વડોદરા ખાતે જનસભાને સંબોધન કરશે ત્યારે પંચમહાલ જિલ્લાને કુલ ૨૧૨ કરોડના વિકાસ કાર્યોની ભેટ અર્પણ કરશે. જેમા પંચમહાલ જીલ્લામાં દરેક ઘરે નળ જોડાણ કરીને પીવાનાં પાણીની સુવિધા નળ દ્વારા એટલે કે નલ સે જલ યોજનાનો શુભારંભ કરવામાં આવેલ છે. આ યોજનાના ભાગરૂપે જીલ્લામાં ખુબજ ઐતિહાસિક ઝડપથી કામગીરી કરવામાં આવી રહેલ છે. જિલ્લાની સૌથી મોટી નલ સે જલ યોજના અંતર્ગત ૧૫૮.૫૨ કરોડના ખર્ચે નવનિર્મિત વાસ્મો અંતર્ગત ૫૩૮ ગામોની અંદાજે ૨.૧૫ લાખઘરોને નળ જોડાણથી પાણી આપવા માટેની યોજના છે. આ યોજના થકી પોતાના જ ઘરે નાગરીકોને પાણી મળી રહેશે. આ યોજનાની અમલીકરણની કામગીરી વાસ્મો તથા ગ્રામ્ય પાણી સમિતિ દ્વારા કરવામાં આવી રહેલ છે. હાલમાં કુલ ૩૯૮ ગામોના ૧.૨૨ લાખ જેટલા ઘરોને એટલેકે ૬.૦૮ લાખ વસ્તીને નળજોડાણથી પાણી મળી રહ્યુ છે. જયારે ૧૪૦ ગામોના ૯૩ હજાર ઘરોની કામગીરી પ્રગતિમાં છે. જે ટુંક સમયમાં એટલેકે જુન-૨૦૨૨ પુર્ણ કરવાનું આયોજન કરાયું છે.

આ પ્રસંગે પ્રધાનમંત્રી ગોધરા સ્થિત નવિન જિલ્લા પંચાયત ભવનનુ પણ ઈ-લોકાર્પણ કરશે. આ ભવન કુલ ૨૩.૦૫ કરોડના ખર્ચે તૈયાર થયું છે. જાહેર જનતાને સરકારી કામકાજ અર્થે મુશ્કેલી ન પડે તે ઘ્યાને લઈ સરકાર દ્વારા નવીન જિલ્લા પંચાયત કચેરીનું એક જ કંમ્પાઉન્ડમાં એક સરખી અધ્યત્તન ડીઝાઈનનું જળસંચય, પાણી પુરવઠો, ગટર નિકાલ, વિજળીકરણ, લીફ્ટ,રસ્તા, કમ્પાઉન્ડ વોલ, ફર્નિચર, કોન્ફરન્સ હોલ, બાગબગીચો વગેરે આધુનિક સગવડો સાથેનું મકાન બનાવવામાં આવ્યું છે. આ સિવાય ૨૦ કરોડના ખર્ચે અદેપુર જુથ પાણી પુરવઠા યોજનાનું પણ પ્રધાનમંત્રી ઈ-લોકાર્પણ કરશે. ઘોઘંબા તાલુકાના ૨૦ ગામો માટેની કરાડ ડેમ આધારિત અદેપુર જુથ પાણી પુરવઠા યોજનાથી ૫૮,૮૬૫ માણસોની વસ્તીને પીવાના પાણીનો લાભ મળશે. સદર યોજનામાં કરાડ ડેમની કેનાલમાંથી પાણી લઈ અદેપુર ગામ પાસે બનાવેલ ૧૧.૨૪ એમ.એલ.ડી. ક્ષમતાના પાણીને ફીલ્ટર પ્લાંટમાં શુધ્ધ કરી, ભુગર્ભ સંપમાં સંગ્રહ કરી ત્યાંથી પંપીગ દ્વારા અદેપુરની હયાત ઉંચી ટાંકી તથા લાબડાધરા પાસે નવીન બનાવેલ ઉચી ટાંકીમાં ચઢાવીને ગ્રેવિટી દ્વારા ભુગર્ભ સંપમાં પાણી આપવાનું આયોજન કરેલ છે. આ સિવાય પ્રધાનમંત્રી ગોધરા અને શહેરા ખાતે સ્થિત બે નવા સબ સ્ટેશનનું પણ ઈ-લોકાર્પણ કરશે. આ બન્ને સબ-સ્ટેશન ૧૦ કરોડ ૫૦ લાખના ખર્ચે તૈયાર થયા છે.




તસ્વીર : તુષાર દરજી, શહેરા

**શહેરા તાલુકા માંથી મોટી સંખ્યામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યક્રમ મહિલાઓ જનાર હોવાથી એસટી વિભાગ દ્વારા ૧૨૫ જેટલી બસો ફાળવવામાં આવી છે. જ્યારે યાત્રાધામ પાવાગઢ ખાતે આવતા વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું વડા તળાવના હેલિપેડ ખાતે તાલુકા ભાજપ પ્રમુખ અને વિરાસત વન ખાતે નગર પાલિકા પ્રમુખ, તાલુકા પંચાયતના પ્રમુખ સ્વાગત કરનાર હોવાથી તાલુકા ભાજપમાં ખુશીની લહેર છવાઈ ગઈ છે. આ કાર્યક્રમ મોટાભાગની બસો જનાર હોવાથી એસટી બસની મુસાફરી કરતા મુસાફરોને શનિવારના રોજ હાલાકી વેઠવાનો વારો આવે તેવી શક્યતા જોવાઈ રહી છે.**



મારૂ નામ કમલેશભાઈ ડી. બારીઆ. હું રીંછવાણી ગ્રામપંચાયતમાં વી.સી.ઈ. તરીકે ફરજ બજાવું છું. આજથી મે એવો નિર્ણય લીધો છે કે રીંછવાણી જુથ ગ્રામ પંચાયતમાં આવતા ગામ રીંછવાણી, ખાનપાટલા, આલબેટા આ ત્રણ ગામના વિધવા બહેનો તથા, વૃદ્ધ પેન્શનરો તથા જે, નિરાધાર બાળકો તથા જે, ગરીબમાં ગરીબ લોકો જે, મંજૂરી કરી ઘર ચલાવતા હોય તેવી વ્યક્તિઓ જેઓનું કામ જેમ કે, આવકના દાખલા વિધવાના દાખલા તથા વિધવા સહાયના ફોર્મ અથવા જે કઈપણ સરકારી યોજનાના ફોર્મ તથા બરોડા ગુજરાત ગ્રામીણ બેંકના ખાતા તથા કોઈપણ યોજનાના ઓનલાઈન કામ કોઈપણ જાતનો ચાર્જ લીધા વગર કરી આપવામાં આવશે.

આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજી સાહેબનું પવિત્ર પાવન યાત્રાધામ પાવાગઢ ખાતે પધારતા તેમનું હાર્દિક સ્વાગત કરીએ છીએ....




-: OFFICE :-

-: Vadodra Office Address :-
ABS Towers 2nd floor, Old Padra Raod,
Vadodra-390007
Tel.: (0265) 6191111

-: Noida Office Address :-
Inox Towers, No.17, Sector 16A,
Noida 201 301
Tel. : (0120) 6149610



















